# ગાંધીનગરના લોકો બહુ સુખિયા છે, પુણ્ય કર્યા હોય તો જ આવું નગર પ્રાપ્ત થાય : પૂ. ગુરુમા

## નિ:સ્વાર્થ કર્મ કરો, સ્વાસ્થ્ય જાળવો, કર્તવ્ય નિભાવો, સેવા કાર્ય કરો અને જીવનમાં ઈશ્વરને સ્થાન આપો

**ગાંધીનગર એટલે આધ્યાત્મિક સંસ્કૃતિક અને સાહિત્યિક પ્રવૃત્તિઓનું પાટનગર. ગાંધીનગર એટલે સત્સંગનું શહેર. ગાંધીનગર એટલે સદાચાર, વિચાર અને સાથે વિકાસ કરવા ઈચ્છતા સજ્જનોનું નગર...**

**એક નગરની ઓળખ એના નાગરિકોના વ્યવહાર-વિચાર-વાણી અને વર્તનને આધીન હોય છે. ગાંધીનગરના નાગરિકોને જેમનામા અપાર આસ્થા છે એવા પૂજ્ય ગુરુમા સમાનંદ સરસ્વતીજી ગાંધીનગરની આધ્યાત્મિક ઓળખ છે.**

**ગાંધીનગરના સેક્ટર-૧માં સમદર્શન આશ્રમમાં ૨૨ વર્ષથી તેઓ ગીતાજી અને ઉપનિષદનો ઉપદેશ આપે છે. ધર્મ અને શાસ્ત્રોના પ્રખર અભ્યાસુ પૂજ્ય ગુરુમા અફાટ જ્ઞાનનો અખૂટ ભંડાર છે. ધર્મગ્રંથોમાં આલેખાયેલા અઘરા બોધને પૂજ્ય ગુરુમા પોતાની રસાળ અને હેતાળ શૈલીથી ખૂબ સરળતાથી સમજાવે છે. પોતાના આગ્રહો કે પૂર્વગ્રહો ઉમેર્યા વિના પૂજ્ય ગુરુમા શાસ્ત્રોની જે શુદ્ધ સમજણ આપે છે એ ગાંધીનગરના નાગરિકો પર એમનો અનુગ્રહ જ છે...**

**આવો, આજે ગાંધીનગરના ૫૬મા જન્મદિવસે પૂ.ગુરુમા સાથે સત્સંગ કરીએ.**



**ગાંધીનગર ૫૫ વર્ષનું થયું. ગાંધીનગરની સંસ્કૃતિ અને સંસ્કારને અનુલક્ષીને અહીંના નાગરિકોની જીવનશૈલી અને દિનચર્યા કેવા હોવા જોઈએ ?**

ગાંધીનગર ૫૫ વર્ષનું થયું એ ખરેખર બહુ ખુશીની વાત છે. જોતજોતામાં જાણે કે ઘણું મોટું થઈ ગયું. લગભગ છેલ્લા દસ-બાર વર્ષમાં બહુ જ વિકાસ થયો છે એવું દેખાય છે. ગાંધીનગરના લોકો બહુ સુખિયા છે. કારણ કે, એમના પુણ્યના જ પ્રતાપે એમને આવા સુંદર શહેરમાં રહેવા મળે છે, જે સ્વચ્છ અને હરિયાળું છે.

સૌથી મોટી વસ્તુ કે ગાંધીનગરના મોટાભાગના લોકો બહુ જ સિક્યોર જોબ કરે છે. જાહેરરજાઓનો લાભ અને સવાર-સાંજનો ખાલી સમય મળે છે. પણ મહત્વનું એ છે કે, લોકો સમયનો સદુપયોગ કરે. અર્થાત સમયને એવી રીતે વિતાવે કે જે તેમને આંતરિક રીતે સમૃદ્ધ બનાવે.

જીવનશૈલી-દિનચર્યા કોઈના માટે ફિક્સ તો કરી ના શકાય પણ એટલું જરૂર કે પોતાના દિવસની શરૂઆત કોઈ ભગવત કાર્ય, ઈશ્વરપૂજા, જપ-ધ્યાન, દેવદર્શનથી થાય. સાંજ પડ્યે સમય હોય તો કંઈક સેવાકાર્ય કરીએ જેથી અંતરની શુધ્ધિ અને આંતરિક વિકાસ થાય.

હંમેશા જીવનમાં એવું કંઈક કર્મ થવું જોઈએ કે, જેની પાછળ આપણો કોઈ સ્વાર્થ ના હોય. જીવનશૈલીમાં મુખ્ય પાંચ બાબતોની આવશ્યકતા છે. નિ:સ્વાર્થ કર્મ કરો, સ્વાસ્થ્ય જાળવો, કર્તવ્ય નિભાવો, સેવા કાર્ય કરો અને જીવનમાં ઈશ્વરને સ્થાન આપો. આટલું મનુષ્યના જીવનમાં મિનિમમ હોવું જોઈએ, અને એને અનુરૂપ પોતાની જીવનશૈલી કે દિનચર્યા ગોઠવવી જોઈએ.

**સમાજ અને પ્રકૃતિ પ્રત્યે ગાંધીનગરના નાગરિકોનું શું કર્તવ્ય છે ?**

સમાજ અને પ્રકૃત્તિ પ્રત્યે ગાંધીનગરના નાગરિકોનું ઘણું કર્તવ્ય છે. ગાંધીનગરમાં પ્રકૃત્તિની બહુ કૃપા છે. ભાગ્યશાળીને આવી પ્રકૃત્તિ વચ્ચે રહેવાનું મળે છે. પ્રકૃત્તિ પણ ખીલી હોય અને સ્વચ્છતા પણ હોય તો સોનામાં સુગંધ ભળે. એટલે આ બન્ને બાબતો પ્રત્યે નાગરિકોનું કર્તવ્ય છે. નગરની હરિયાળી વધારવી અને સ્વચ્છતા વધારવી. તમે જો સ્વચ્છતા વધારી ના શકો તો પણ જે છે એનું તો જતન થવુજ જોઈએ. આટલું કરીએ તો પણ બહુ છે.

પ્રત્યેક નાગરિકની જવાબદારી છે કે, પોતે જ્યાં રહે છે ત્યાં આજુબાજુના વિસ્તારને સાફ રાખવો, સ્વચ્છ રાખવો, કમ સે કમ ગંદકીમાં વધારો તો ના જ કરવો. સાથે જેટલું પણ થઈ શકે એટલું હરિયાળીનું જતન કરવું જોઈએ. આમ તો ગાંધીનગરના લોકો પ્રકૃત્તિ પ્રેમી છે, એટલે દરેકના ઘરની આગળ વૃક્ષો તો હોય જ છે. હજુ પણ જેટલો વધારો થાય એ પ્રકૃત્તિની સેવા જ છે. પ્રકૃત્તિની સેવા એ પ્રભુસેવા છે.

**મનુષ્ય જવાબદાર અને આદર્શ નાગરિક કેવી રીતે બની શકે ?**

જ્યારે મનુષ્ય પોતાના સ્વાર્થના ઘેરામાંથી બહાર નીકળે ત્યારે જ એ સાચા અર્થમાં જવાબદાર બને અને આદર્શ બનવા તરફ આગળ વધે. સામાન્ય રીતે મનુષ્યની માનસિકતા 'હું અને મારો પરિવાર અને આટલી જ મારી જવાબદારી' પૂરતી સીમિત હોય છે, પણ એવું નથી, મનુષ્યની જવાબદારી ઘણી બધી વિસ્તૃત હોઈ શકે. કારણ કે, હું અને મારો પરિવાર જે જીવન જીવી રહ્યા છીએ તેની પાછળ ઘણા બધાનો ફાળો હોય છે, પરિવાર ઉપરાંત સમાજ માટે તેની કોઈ જવાબદારી છે. જે સમાજ તરફથી, સૃષ્ટિ તરફથી, જગત તરફથી જે પ્રાપ્ત થઈ રહ્યું છે એ ઘણું વિશેષ છે.

મનુષ્યએ જવાબદાર બનવા માટે સૂક્ષ્મતાથી વિચાર કરવો પડે કે, મારા જીવનમાં કોનો-કોનો ફાળો છે ? સમાજનો ઘણો ફાળો હોય છે, આ વિચાર કરે તો વ્યક્તિ જરૂર સમાજ પ્રત્યે જવાબદાર બને, અને જેટલો એ જવાબદાર બને એટલો એ આદર્શ બને.

**મુલાકાત - સંકલન : હિરેન ભટ્ટ**

સાથેસાથે જોઈએ તો વ્યક્તિનું માનસિક ઘડતર પણ આ બધા પરિબળોથી થતું હોય છે. જેટલો એ જવાબદારીઓને સમજતો થશે એટલું જ એનું મન વધારે ને વધારે સંવેદનશીલ થશે. મનની સંવેદનશીલતા એ મનનો વિકાસ છે.

ઘણી વખત શરીરની ઉંમર વધવા છતાં પણ મનની ઉંમર વધતી નથી. શરીરથી તો વિકાસ થવાનો જ છે, પણ એ મનથી-બુદ્ધિથી જેટલો મોટો થાય એટલો એનો વિકાસ થયો કહેવાય. એના માટે જ કોઈ સેવાકર્મ કરો, ભગવત ભક્તિ કરો, આંતરનિરીક્ષણ કરો. આ બધી બાબતોનો વિચાર કરીએ તો માનસિક ઘડતર થાય અને વ્યક્તિ ધીમે ધીમે આદર્શ તરફ આગળ વધતો જાય છે. એના માટે સત્સંગ, સાધુ પુરુષનો સંગ અને વિદ્વાનોનો સંગ અનિવાર્ય બને છે.

**મનુષ્યના વિકાસમાં અધ્યાત્મની ભૂમિકા કેટલી ?**

સામાન્ય રીતે મોક્ષની પ્રાપ્તિ માટે કે ભગવાનની પ્રાપ્તિ માટે અધ્યાત્મ છે એવી માન્યતા છે. વાત સાચી પણ છે કે, મુખ્યત્વે એના માટે જ છે. પણ એ જ અધ્યાત્મ મનુષ્યને સારું જીવન જીવવાની કળા શીખવાડે છે. કોઈને મોક્ષ જોઈએ કે ના જોઈએ, ભગવાનને મેળવવા હોય કે ના મેળવવા હોય પણ જો શ્રેષ્ઠ, સુખી અને આદર્શ જીવન તો બધાને જોઈએ જ છે. આવું જીવન આધ્યાત્મ પૂરું પાડે છે.

પ્રામાણિકતાથી જીવવું, હંમેશા સત્યના માર્ગે ચાલવું, હંમેશા ધર્મને સામે રાખવો, ખોટા કાર્યો ન કરવા, અનધિકારનું ક્યારેય ગ્રહણ ન કરવું, બીજાના ધન ઉપર ખોટી નજર ન નાખવી, લોભ ન કરવો. આવા ગુણો જીવનમાં જે ધારણ કરે એ મનુષ્યનું જીવન બહુ જ સુંદર બની જાય છે. આદર્શ જીવન બની જાય છે.

**પૂજ્ય ગુરુમા, ગાંધીનગરમાં આપનું આગમન કેવી રીતે થયું ?**

મને મારા ગુરુજીની આજ્ઞા થઈ કે મે પ્રાપ્ત કરેલી અધ્યાત્મ વિદ્યા હવે મારે લોકો સુધી પોહચાડવાની છે. તે સમયે હું નવસારી હતી. નવસારી છોડીને હું ભુજ ગઈ. ભુજમાં હાટકેશ્વર મંદિર, બિલેશ્વર મહાદેવ મંદિરમાં મારા પ્રવચનો યોજાતા. પણ પછી ત્યાંથી ગાંધીનગર આવવાનું થયું. ભગવાને જ પ્રેરણા આપી બાકી ગાંધીનગર તો મારા મનમાં પણ નહોતું. ક્યારેય જોયું પણ નહોતું.

ગાંધીનગરમાં સૌપ્રથમ દિવ્યજીવન સંઘના ઉપક્રમે સ્ટાફ ટ્રેનિંગ કૉલેજમાં પ્રવચનો ગોઠવાયા. સાત દિવસના પ્રવચનો દરમિયાન મેં લોકોનો અધ્યાત્મ રસ જોયો. લોકોની સરસ શિસ્ત જોઈ. અહીં બધા શિક્ષિત લોકો છે. ગાંધીનગરમાં પ્રવચનના પહેલા દિવસે પચાસ વ્યક્તિઓ આવી. બીજે દિવસે દોઢસો અને છેલ્લે છેલ્લે તો આખો હોલ ભરાઈ ગયો હતો. લોકો ઉત્સુકતાથી સાંભળતા હતા. મને થયું કે વિદ્યા આપવા માટે આ જ યોગ્ય સ્થાન છે. મારું સદભાગ્ય સમજું છું કે, મને આટલા સરસ લોકો મળ્યા છે. એના પછીના મહિનામાં સેક્ટર-૧૬માં બાલાજી ભગવાનની પ્રાણ પ્રતિષ્ઠા થઈ હતી. તે મંદિરના નીચેના હૉલમાં અને ગાયત્રી મંદિરના નીચેના હૉલમાં થોડા વર્ષો સત્સંગ કર્યો અને ૨૦૦૪થી સમદર્શન આશ્રમમાં સત્સંગ ચાલી રહ્યો છે. અને આમ કરતાં કરતાં ગાંધીનગરમાં સત્સંગ ને ૨૨ વર્ષ થયા.

**ગાંધીનગર એટલે રાજકારણનું નગર... આપના મનમાં આ વિશે શું છબી છે ?**

રાજકારણ એ ગાંધીનગરનું એક બહુ જ નાનું ક્ષેત્ર છે. ગાંધીનગરની છબી છે સરકારી નગર તરીકેની. મેં અહીંયા આવીને જોયું તો ચિત્ર આખું જુદું જ છે. મોટાભાગની આમજનતા એવી છે જેને રાજકારણ સાથે બહુ લાગતું વળગતું નથી. એમને પોતાના કામથી કામ છે. આમ જનતાને રાજકારણમાં બહુ રસ નથી એટલા માટે જ ગાંધીનગરમાં સત્સંગ સરસ ચાલે છે. બીજા શહેરો કરતાં અહીંયા સત્સંગનો લાભ લેવાવાળા લોકો વધારે છે. આ જ ગાંધીનગરની સાચી છબી બતાવે છે.

આમ જોઈએ તો ગાંધીનગરના લોકો ઘણું સારું જીવન જીવે છે. આ નગર ઘણું સેવાભાવી છે. ગાંધીનગરમાં જેટલી સ્વૈચ્છિક, સામાજિક અને સેવાભાવી સંસ્થાઓ છે એટલી કદાચ જ કોઈ અન્ય શહેરમાં હોય. ગાંધીનગરના લોકો ઘણા સરસ અને આધ્યાત્મિક પણ છે. સમદર્શન આશ્રમમાં જે સત્સંગમાં આવે છે એ પોતાના જીવનમાં સુખદ પરિવર્તનો અનુભવી રહ્યા છે.

**ગાંધીનગરના જન્મદિવસે આપ ગાંધીનગરાઓને શું આશીર્વાદ આપશો ?**

આજે ગાંધીનગરનો જન્મદિવસ છે. સમગ્ર નગરને મારા અંતરના ખૂબ આશીર્વાદ છે. ખૂબ શુભેચ્છાઓ છે કે, આ નગરનો ખૂબ ખૂબ વિકાસ થાય. ગાંધીનગરવાસીઓને ગાંધીનગરમાં રહેવાનો લ્હાવો મળ્યો છે. ખરેખર બહુ જ ભાગ્યશાળી હોય, ખૂબ પુણ્ય કર્યા હોય તો જ ગાંધીનગર જેવું નગર પ્રાપ્ત થાય. જે ભાગ્યથી મળ્યું છે એનું મૂલ્ય સમજી, તે પ્રત્યે પોતાની જવાબદારી સમજી તેની જાળવણી કરે. દરેક નાગરિક ખૂબ શાંતિ, પ્રશન્નતા અને આંતર-બાહ્ય સમૃદ્ધિ પ્રાપ્ત કરે એવા અંતરના આશિષ છે.


ઓગષ્ટ ૨ ગાંધીનગરના ૫૬માં સ્થાપના દિવસ

નિમિત્તે સૌ નગરજનોને હાર્દિક શુભેચ્છાઓ...

આવો આપણે સાથે મળી ગાંધીનગરને ભવ્ય તેમજ દિવ્ય બનાવીએ

કોરોનાથી બચવા માટે આટલું જરૂર કરીએ

✔ માન. વડાપ્રધાનશ્રીના સુત્ર 'દો ગજકી દુરી'નું સંપૂર્ણપણે પાલન કરીએ.

✔ માસ્ક પહેર્યા સિવાય ઘરમાંથી બહાર ન નીકળીએ.

✔ કોરોના વાયરસના લક્ષણ જણાય તો તુરંત તબીબી સલાહ લઈએ.

✔ વૈશ્વિક મહામારી કોરોના સામેની લડતમાં તંત્રને સહયોગ કરીએ.

★ સ્થાપના દિવસે એક વૃક્ષ વાવીને નગરને હરિયાળુ બનાવીએ.

આજે રાત્રે ૭.૩૦ કલાકે ઘરનાં આંગણે દિવો પ્રગટાવીને સ્થાપના દિવસની ઉજવણી કરીએ.



સર્વે નગરજનો વતી આપણા સંવેદનશીલ

માન. મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીને

જન્મદિનની મંગલ શુભકામનાઓ



ગાંધીનગર મહાનગરપાલિકા GANDHINAGAR MUNICIPAL CORPORATION

રીટા પટેલ, મેયર-ગાંધીનગર

સ્વચ્છ ગાંધીનગર... સ્વસ્થ ગાંધીનગર...